# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

............................................................................................................................

- દ્વિ ચક્રિય વાહનચાલકો અને પાછળ બેસનાર માટે ફરજિયાત હેલ્મેટનાં કાયદાનો કડક અમલ કરવા ગુજરાત વડી અદાલતનો આદેશ.
- આજથી 15 ઓગસ્ટ સુધી રાજ્યભરમાં હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ.- અમદાવાદ સહિતના ચાર મહાનગરમાં તિરંગા યાત્રા યોજાશે.
- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી ગામ ખાતે હરસિધ્ધિ વનનું લોકાર્પણ કરશે.
- ગોધરા ખાતે આંધ્રપ્રદેશ સરકારની 16 કરોડ રૂપિયાની તુવેરદાળનાં વેચાણનું કૌભાંડ પકડાયું.
- રાજ્યમાં આગામી બે દિવસમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી.

---------------------------------------------------------------------------------------

## Helment high court order

ગુજરાત વડી અદાલતે દ્વિ ચક્રિય વાહનોના ચાલક અને પાછળ બેસનાર માટે ફરજિયાત હેલ્મેટ પહેરવાના કાયદાનો કડક અમલ કરવા આદેશ આપ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલની ખંડપીઠે ફરજિયાત હેલ્મેટના કાયદાના અમલ માટે રાજ્ય સરકારને તાકીદ કરી છે અને અમલીકરણ  કરવા 15 દિવસનું આખરીનામું આપ્યું છે. આ ઉપરાંત વડી અદાલતે રોંગ સાઇડમાં બાઇક કે કાર ચલાવનાર સામે પણ કાયદા મુજબ પગલાં લેવા આદેશ કર્યો છે.

શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતોની સંખ્યામાં વધારો થયો હોવાથી આ સમસ્યા નિવારવા કાર્યવાહી કરવા, ટ્રાફિક પોલિસમાં ભરતી કરવા અને એસજી હાઇ વે પર સર્વિસ રોડ બનાવવાનો પણ વડી અદાલતે આદેશ કર્યો છે.

..............................................................

## Har Ghar Tiranga

આજથી દેશભરમાં શરૂ થનારા “હર ઘર તિરંગા” અભિયાનના ભાગ રૂપે રાજ્યમાં 78મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવશે. રમતગમત અને યુવા બાબતોના મંત્રી હર્ષ સંઘવીએ ગઈ કાલે જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત રાજકોટ, સુરત, વડોદરા અને અમદાવાદ એમ મુખ્ય ચાર શહેરમાં 2થી 3 કિલોમીટર લાંબી તિરંગા યાત્રા યોજાશે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે. આ સાથે રાજ્યની કુલ 14 હજાર 292 ગ્રામ પંચાયતમાં તિરંગા યાત્રાની ઉજવણી કરાશે. આ યાત્રામાં રાજ્યભરની અંદાજે 2 હજાર 200થી વધુ સંસ્થા સહભાગી થશે. રમતગમત મંત્રીએ કહ્યું, રાજ્યના તમામ જિલ્લામાં 50 લાખથી વધુ તિરંગાનું વિતરણ કરાશે. સરકારના વિવિધ વિભાગ દ્વારા યાત્રા દરમિયાન અંદાજે નવ ટેબ્લો પ્રદર્શિત કરાશે.

..............................................................

# Forest Festival

આજે દેવભૂમિ દ્વારકાના ગાંધવી ગામ- હર્ષદ ખાતે રાજ્યકક્ષાનો 75મો વન મહોત્સવ યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 23મા સાંસ્કૃતિક 'હરસિદ્ધિ વન'નું લોકાર્પણ કરશે. 'હરસિદ્ધિ વન'માં વિવિધ પ્રજાતિના 41 હજાર 619 રોપાનું વાવેતર થયું છે. જ્યારે 75મા વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આ વર્ષે રાજ્યમાં 10 કરોડથી વધુ રોપાના વિતરણનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

..............................................................................

# Panchmahal District Supply

પંચમહાલ જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલી એક ખાનગી દાળ મિલમાંથી 16 કરોડથી વધુની કિંમતનો 11 લાખ કિલોગ્રામથી વધુનો તુવેરદાળનો ગેરકાયદેસર જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ અંગે વધુ માહિતી આપે છે પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી અને નાયબ કલેકટર એચ. ટી. મકવાણા.....

(બાઈટ : એચ ટી મકવાણા, જિ.પુરવઠા અધિકારી અને ના.કલેકટર, પંચમહાલ)

ઉલ્લેખનીય છે કે, આકસ્મિક રીતે હાથ ધરવામાં આવેલ તપાસમાં મિલમાંથી આઈસીડીએસ તેમજ પીડીએસ માર્કાવાળી આંધ્રપ્રદેશ સરકારના જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના તુવરદાળના જથ્થા વિશે પુરાવા ન મળતા અનઅધિકૃત રીતે વેચાણ કરતા હોવાનું જાણવા મળ્યું હતું.

..............................................................................

## Chandipura

રાજ્યમાં ચાંદીપુરા વાઇરસથી વધુ એક બાળકનું મૃત્યુ થતાં મૃત્યુઆંક વધીને 72 થયો છે, જ્યારે વધુ બે કેસનો ઉમેરો થતા કુલ કેસની સંખ્યા વધીને 161 થઈ છે.

આરોગ્ય વિભાગની યાદીમાં જણાવ્યા પ્રમાણે હાલમાં વાયરલ ચાંદીપુરાના ૧૩ દર્દી દાખલ છે તથા ૭૬ દદીઓને રજા આપવામાં આવી છે. કુલ સાત લાખ 43 હજાર ઘરોમાં મેલેથિયોન પાઉડરથી ડસ્ટીંગ કરવામાં આવ્યું છે.

.................................................................

## Bhavganer Mobile Van

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા એક ખાનગી કંપનીના સહયોગથી ગુજરાતમાં પ્રથમવાર સ્વાસ્થ્ય પરીક્ષણ માટે મોબાઈલ વાન શરૂ કરવામાં આવી છે. આ મોબાઇલ વાન ખાસ કરીને જ્યાં આરોગ્ય પરીક્ષણ ની સવલતો મળતી નથી ત્યાં સેવા આપશે. આ ઉપરાંત ઔદ્યોગિક એકમોમાં કામદારોને રાહતદરે આ સેવાઓ ઉપલબ્ધ કરવા માં આવશે. સંસ્થા દ્વારા કેમ્પનું પણ આયોજન કરવામાં આવશે. આ મોબાઈલ વેન માં 25 થી વધુ પરીક્ષણો કરીને આરોગ્ય ચકાસણી બાદ ડોક્ટર દ્વારા નિદાન કરવામાં આવશે.

.................................................................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત

પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો.

..............................................................

## SURAT AFIN

સુરત પોલીસે કડોદરા વિસ્તારમાં આવેલા કરિયાણાની દુકાનમાંથી માદક પદાર્થના 25 લાખ રૂપિયાના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ કરી છે. નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક આઈ. જે. પટેલે આ અંગે માહિતી આપી હતી.

***(બાઈટ - નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક આઈ. જે. પટેલ)***

..............................................................

## BIS raid on toys shop

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ-BISના માન્ય લાઇસન્સ વિના નિર્મિત રમકડાંનું વેચાણ કરતા સુરતની બે દુકાન- રાજેશ્વર ટોય વર્લ્ડ અને નટરાજ ગેમ્સ પર BISના અધિકારીઓ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા અને ISI માર્ક વગરના કુલ ૯૪૦૦ નંગ રમકડાં જપ્ત કરવામાં આવ્યા છે.

..............................................................

## GUJARAT RAIN

હવામાન વિભાગે રાજ્યમાં આગામી બે દિવસમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગ અનુસાર બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા ઉપરાંત છોટાઉદ્દુપેર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ દમણ અને દાદરાનગર હવેલીમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે.

આ તરફ સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં હળવો વરસાદ પડવાની શક્યતા છે. ગઈકાલે રાજ્યના 40થી વધુ તાલુકાઓમાં અડધા ઇંચથી ઓછો વરસાદ વરસ્યો હતો. સૌથી વધુ વરસાદ વલસાડના કપરાડા, ડાંગના આહવા, વલસાડના ધરમપુર તેમજ સાબરકાંઠાના તાલોદ તેમજ દક્ષિણ ગુજરાતના અન્ય કેટલાક જિલ્લાઓમાં પડ્યો હતો. તાપીના અમારા સંવાદદાતા નિરવ કંસારા જણાવે છે કે ઉપરવાસમા ભારે વરસાદને પગલે પાણીની આવક થતાં ઉકાઉ ડેમના ચાર દરવાજા ખોલવામાં આવ્યા છે. છેલ્લા 22 દિવસમાં ઉકાઈ ડેમની સપાટીમાં 22 ફૂટનો વધારો નોંધાયો છે. ગઈકાલે ઉપરવાસમાંથી સાંજે છ કલાક સુધીમાં 46 હજાર 070 ક્યૂસેક પાણીની આવતક થતા ડેમની સપાટી 334.61 ફૂટ પહોંચી હતી. જ્યારે ડેમનું રૂલ લેવલ 335 ફૂટ નું હોઈ ડેમના ચાર દરવાજા ચાર ફૂટ સાથે હાઇડ્રો પાવર યુનિટના ત્રણ યુનિટ અને નહેર વાટે સતત 46,070 ક્યુસેક પાણી તાપી નદીમાં છોડાઈ રહ્યું છે. પાણી છોડાતા તાપી નદી આસપાસના ગામોને સૂચના જાહેર કરાઈ છે.

................................................................

## Western Railway

પશ્ચિમ રેલવે દ્વારા હાલમાં અમદાવાદથી મુંબઈ વચ્ચે ચલાવવામાં આવી રહેલી 16 કોચની બે વંદે ભારત ટ્રેનને સારો પ્રતિસાદ મળતા આગામી સમયમાં

20 કોચવાળી વંદે ભારત ટ્રેન પ્રથમ વખત અમદાવાદ અને મુંબઈ વચ્ચે શરૂ કરવામાં આવી શકે છે. દેશમાં પ્રથમ વખત 20 કોચવાળી વંદે ભારત ટ્રેનના ટ્રાયલની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રેલવે મંત્રાલયની સંશોધન ડિઝાઇન અને માનક સંસ્થા એ આ માટે મંજૂરી આપી છે. 20 કોચવાળી વંદે ભારત ટ્રેનની ટ્રાયલ આવતી કાલે અમદાવાદ-વડોદરા-સુરત-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે હાથ ધરવામાં આવશે. અમારા સુરતના પ્રતિનિધિ જણાવે છે કે, આ ટ્રાયલ માત્ર દિવસના સમયે અને યોગ્ય હવામાનની સ્થિતિમાં જ હાથ ધરવામાં આવશે. RPFના જવાનોને તમામ એલસી ગેટ પર તૈનાત કરવામાં આવશે અને દરવાજાની અંદર કોઈ પદયાત્રીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

..............................................................

## Rajkot lok melo bidding

રાજકોટમાં જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ૨૪થી ૨૮ ઓગસ્ટ દરમિયાન લોકમેળાનું આયોજન કરાયું છે. આ લોકમેળામાં વિવિધ પ્લોટ તેમજ સ્ટોલની સંભવિત હરાજી આજે બપોરે સાડા ત્રણ વાગે યોજાશે તેમ લોકમેળા અમલીકરણ સમિતિ અને રાજકોટ શહેર-૧ નાયબ કલેક્ટરની યાદીમાં જણાવાયું છે.

..............................................................

## WORLD ADIVASI DIVAS

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવતીકાલે ‘વિશ્વ આદિવાસી દિવસ’નિમિત્તે આદિજાતિ સમુદાયના વિશિષ્ટ શૈલીના "તુર નૃત્ય"ની પ્રસ્તુતિ કરવામાં આવશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ તથા ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓ દેશની સંસ્કૃતિની વિવિધતામાં એકતાના દર્શન કરી શકે અને આદિજાતિ સમુદાયોના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ઉજવણીના ઉદ્દેશથી સ્ટેચ્યુ ઓફ યુનિટી તંત્ર દ્વારા આદિજાતિ તુર નૃત્યનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, "તુર નૃત્ય" એ ધોડિયા જનજાતિના લોકોનું વિશિષ્ટ શૈલીનું પ્રચલિત નૃત્ય છે.

..............................................................